Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક : પીજી/યુનિ.શિષ્યવૃત્તિ/૨૫૫૮૩/૨૦૨૬
તા.૨૯/૧૦/૨૦૨૬

પ્રતિ,

(૧) યુનિવર્સિટીનાં તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ.
(૨) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન કરતી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ..

વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ માટે યુનિવર્સિટી દ્વારા એનાયત શિષ્યવૃત્તિની અરજીઓ જમા કરાવવા બાબત.
સંદર્ભ : FileNo: PG/scheme/019589/2026,Dt: 27/10/2026 પર મળેલ આદેશ.

મહાશય,

સવિનય શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ દરમ્યાન આપના યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાં / કોલેજમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રમાં અભ્યાસ કરતા ભાગ–૧ તથા ભાગ–૨ વિદ્યાર્થીઓને પ્રવર્તમાન નિયમાનુસાર મેરીટ શિષ્યવૃત્તિ (Merit Scholarship) વાર્ષિક `૬,૦૦૦/– (પ્રતિ વિદ્યાર્થી) પ્રમાણે તથા શિક્ષણ લવાજમ સહાય (Freeship) `૧,૦૦૦/– (પ્રતિ વિદ્યાર્થી) પ્રમાણે એનાયત કરવા માટે નીચે મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને નિયત ફોર્મ યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in/ Student Corner પરથી ડાઉનલોડ કરી, અરજી પત્રમાં માંગ્યા મુજબની તમામ માહિતી સાથે સ્નાતક / અનુસ્નાતક અભ્યાસની માર્કશીટ અને જરૂરી તમામ આધાર પુરાવા સાથે તા.૨૦–૧૧–૨૦૨૬ સુધીમાં આપના ધ્વારા એકત્રીત કરી યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૩૦–૧૧–૨૦૨૬ સુધીમાં (કાર્યાલયના કામકાજના દિવસો દરમ્યાન) જમા કરાવવાના હોય, જેની જાણ અનુસ્નાતક અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) જે વિદ્યાર્થીઓએ સ્નાતક / અનુસ્નાતક અભ્યાસક્રમ **પ્રથમ વર્ગ / "A" ગ્રેડ** સાથે ઉર્તીણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ જ યુનિવર્સિટી દ્વારા એનાયત થતી શિષ્યવૃત્તિઓ માટે પાત્રતા ધરાવે છે.

(૨) શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ દરમ્યાન અનુસ્નાતક ભાગ–૧ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ અરજી ફાર્મ સાથે સ્નાતક અભ્યાસની તમામ ગુણપત્રકોની સ્વ પ્રમાણિત નકલ જમા કરાવવાની રહેશે.

(૩) શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન યુનિવર્સિટી દ્વારા જે વિદ્યાર્થીઓને અનુસ્નાતક ભાગ–૨ માં દાખલ થયા હોય એવા વિદ્યાર્થીઓએ નિયત અરજીપત્રક સાથે અનુસ્નાતક ભાગ–૧ ના ગુણપત્રકની સ્વ પ્રમાણિત નકલ જમા કરાવવાની રહેશે.

(૩) યુનિવર્સિટી દ્વારા એનાયત થતી શિષ્યવૃત્તિના ફોર્મ સાથે આપેલ સૂચના મુજબના જરૂરી બિડાણોની નકલો નીચે મુજબના **ક્રમાનુસાર** જોડવાના રહેશે. અધૂરી વિગતો / માહિતીવાળી તથા જરૂરી બિડાણો વિનાની અરજીઓ શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે વિચારણામાં લેવામાં આવશે નહી.

- Mark sheets of the University examination upto first degree level of relevant subject.
- Caste Certificate of SC/ST/SEBC candidate only if applicable.
- Certificate from Civil-Surgen for Physically Handicapped candidate.
- School Leaving Certificate.
- Below Poverty Line (BPL) Card only if applicable.

નોંધ : અધૂરી વિગતો / માહિતીવાળી તથા બિડાણો વિનાની અરજીઓ શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે વિચારણામાં લેવામાં આવશે નહી.

કુલસચિવ